## કલમ–૪ (૧)(બી)(૧)

## <u>પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલના કાર્યો અને ફરજોની વિગત</u> :–

❖ **<u>પ્રસ્તાવના</u> :–**

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ફુટપાથ પર રઝળતાં ગરીબોને, સરકારશ્રીની વિવિધ યોજના અંતર્ગત શેલ્ટર તેમજ શહેરી ફેરિયાઓને વેન્ડીંગ માર્કેટ મળી રહે તે હેતુસર નવા પ્રોજેકટોને સરકારશ્રીમાંથી મળવાપાત્ર ગ્રાન્ટ મેળવવાની કામગીરી, એન્ટરટેઈનમેન્ટ તેમજ રીફ્રેશમેન્ટ માટે સ્વીમીંગપુલ વીથ જીમ, વોટર પ્લાઝા, ઓડીટોરીયમ તેમજ અમેઝીયા જેવા વોટર પાર્ક બનાવવાનું કામ, સ્મીમેર કોલેજ અને હોસ્પિટલ ખાતે નવા બિલ્ડીંગનાં વિસ્તૃતીકરણ તેમજ માસ્ટર પ્લાન, નવનિર્માણ ગાંધી સ્મૃતિ ભવનના આયોજનનું કામ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ ધ્વારા હાથ ધરવામાં આવે છે.

**<u>કાર્યો અને ફરજો</u> :–** પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલના કાર્યો અને ફરજો નીચે મુજબ છે.

(૧) સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે ઓફિસોની ફાળવણી તેમજ ઓફિસોના રીનોવેશન અર્થે ફર્નિચરની કામગીરી.

(૨) DAY - NULM સ્કીમ અંતર્ગત શેલ્ટર બનાવવા માટે DPR બનાવી, PSC ગાંધીનગર ખાતે મંજુરી મેળવી, ગ્રાન્ટ લાવવાની કામગીરી.

(૩) વિવિધ ઝોનમાં સ્વીમીંગપુલના સ્થળ નક્કી કરી, અંદાજ બનાવવા ટેન્ડરની કાર્યવાહી કરી, સ્થળ સ્થિતિ મુજબ કામગીરી કરાવવાનું કામ.

(૪) વિવિધ ઝોનમાં ઓડીટોરીયમનાં સ્થળ નક્કી કરી, અંદાજ બનાવવા ટેન્ડરની કાર્યવાહી કરી, સ્થળ સ્થિતિ મુજબ કામગીરી કરાવવાનું કામ.

(૫) સ્મીમેર હોસ્પિટલ અને કોલેજ ખાતે વિવિધ સિવીલના તથા ઈલેકટ્રીકલ વર્કની તથા મેઈન્ટેનન્સની કામગીરી.

(૬) DAY - NULM સ્કીમ અંતર્ગત શહેર વિસ્તારમાં SUSV (Support to Urban Street Vendors) સ્કીમ હેઠળ વેન્ડીંગ માર્કેટ બનાવવા માટે DPR બનાવી, PSC ગાંધીનગર ખાતે મંજુરી મેળવી, ગ્રાન્ટ લાવવાની કામગીરી.

(૭) સ્મીમેર મેડીકલ કોલેજ તથા કેમ્પસ ખાતે જરૂરીયાત અનુસાર નવું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ કરાવવાની કામગીરી.

(૮) સ્મીમેર હોસ્પિટલ તથા કોલેજ ખાતે સિવીલ તથા ઈલેકટ્રીકલ જાળવણીની કામગીરી.

(૯) સ્મીમેર મેડીકલ હોસ્પિટલ ખાતે ફાયર સેફટીની કામગીરી.

(૧૦) ધાર્મિક મૂર્તિઓનાં વિસર્જન માટે કૃત્રિમ તળાવોનું આયોજનું તમામ ઝોન સાથે સંકલનની કામગીરી.

(૧૧) પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલના સ્પેશીયલ પ્રોજેકટો માટે તમામ ઝોન સાથે સંકલનની કામગીરી.